તા.૧/૦૪/૨૦૦૫ કે ત્યારબાદ કેન્દ્ર સરકારની સેવા અથવા કેન્દ્ર સરકાર હસ્તકની સ્વાયત્ત સંસ્થાઓ (Autonomous body) કે જ્યાં પેન્શન યોજના અમલમાં હોય તેવી સેવાઓ રાજ્ય સરકારની સેવા સાથે જોડવા બાબત.

ગુજરાત સરકાર

નાણા વિભાગ

ઠરાવ ક્રમાંક: નપન-૨૦૦૩-જીઓઆઈ-૧૦-પી,

સચિવાલય, ગાંધીનગર.

તા.૧૦/૦૪/૨૦૧૩

વંચાણે લીધા:- (૧) ના.વિ..ના ઠરાવ ક.નપન-૨૦૦૩-જીઓઆઈ-૧૦-પી, તા.૧૮/૦૩/૨૦૦૫

(૨) ના.વિ.ના સુધારા ક.નપન-૨૦૦૩-જીઓઆઈ-૧૦-પી,.તા.૦૬/૦૯/૨૦૦૫.

(૩) ના.વિ.ના સુધારા ઠરાવ ક.નપન-૨૦૦૩-જીઓઆઈ-૧૦-પી, તા.૦૧/૦૨/૨૦૦૭.

(૪) ભા.સ.ના હુકમ ક્રમાંક:૨૮/૩૦/૨૦૦૪-પી & ડબલ્યુ (બી), તા.૨૮/૧૦/૨૦૦૯.

ઠરાવ :-

નવી વર્ધિત પેન્શન યોજના તા.૦૧/૦૪/૨૦૦૫થી અમલમાં આવેલ છે. આથી તા.૦૧/૦૪/૨૦૦૫ના રોજ કે ત્યાર પછી કેન્દ્ર સરકારની સેવા છોડીને રાજ્ય સરકારની સેવામાં સીધી ભરતીથી નિમણૂંક પામેલ કર્મચારીઓ/અધિકારીઓને જુની પેન્શન યોજનાનો લાભ આમુખ ક્રમાંક (૩)માં દર્શાવેલ તા.૦૧/૦૨/૨૦૦૭ના સુધારા ઠરાવની જોગવાઈઓ મુજબ મળવાપાત્ર થતો ન હતો. આવા કર્મચારીઓ/ અધિકારીઓને આમુખ ક્રમાંક (૧)માં દર્શાવેલ તા.૧૮/૦૩/૨૦૦૫ના ઠરાવની જોગવાઈઓ મુજબ નવી વર્ધિત પેન્શન યોજના લાગુ પડતી હતી. ભારત સરકારના તા.૨૮/૧૦/૨૦૦૯ના ઓફિસ મેમોરેન્ડમ નં.૨૮/૩૦/૨૦૦૪-પી & પીડબલ્યુ(બી) ને ધ્યાને લઈ પુખ્ત વિચારણાને અંતે તા.૦૧/૦૪/૨૦૦૫ના રોજ કે ત્યારબાદ કેન્દ્ર સરકારની સેવા અથવા કેન્દ્ર સરકાર હસ્તકની સ્વાયત્ત સંસ્થાઓ (Autonomous body) માં સીસીસી(પેન્શન) રૂલ્સ, ૧૯૭૨ હેઠળ પેન્શનપાત્ર હોય તેવી સેવા છોડીને રાજ્ય સરકારની સેવામાં સીધી ભરતીથી જોડાયેલ કર્મચારીઓ/અધિકારીઓને નીચે દર્શાવેલ શરતોને આધીન જુની પેન્શન યોજનાનો લાભ આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

શરતો:

(૧) કર્મચારી/અધિકારી કેન્દ્ર સરકાર/કેન્દ્ર સરકાર હસ્તકની સ્વાયત્ત સંસ્થાઓ (Autonomous body) - માં તા.૩૧/૧૨/૨૦૦૩ પહેલાં નિમણૂંક પામેલ હોવા જોઈએ.

(૨) કર્મચારી/અધિકારી કેન્દ્ર સરકારનાં સીસીએસ (પેન્શન રૂલ્સ, ૧૯૭૨) મુજબ પેન્શન મેળવવાની પાત્રતા ધરાવતા હોવા જોઈએ.

(૩) તા.૦૧/૦૪/૨૦૦૫ કે ત્યારબાદ કર્મચારીએ તેઓના સબંધિત ખાતા મારફત અરજી કરેલી હોવી જોઈએ અને ભારત સરકારની સેવામાંથી નિયમોનુસાર ફરજમુક્ત (રીલીવ) થઈને અથવા તકનીકી કારણસર રાજીનામું મૂકીને રાજ્ય સરકારની સેવામાં જોડાયેલા હોવા જોઈએ.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(શૈલજા પટેલ)
સંયુક્ત સચિવ (પેન્શન અને તિજોરી)
નાણા વિભાગ

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
  માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
  માન.મંત્રીશ્રીઓ/રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,
  માન.વિરોધપક્ષના નેતાના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
  સચિવાલયના સર્વે વિભાગો/ તમામ ખાતાના વડાઓ/ તમામ કચેરીઓના વડાઓ,
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
  તમામ કલેક્ટરશ્રીઓ, તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
  એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઈ) ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ,
  એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડિટ-૧, ૨ ) અમદાવાદ/રાજકોટ
  નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ગાંધીનગર.
  નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ, ગાંધીનગર.
  નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, ગાંધીનગર.
  સર્વે જિલ્લા સહાયક નિરીક્ષકશ્રીઓ,
  તમામ તિજોરી અધિકારીઓ/ તમામ પેટા તિજોરી અધિકારીઓ,
  પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ/ગાંધીનગર/નર્મદા/વડોદરા
  સ્થાનિક ઓડિટ અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.
  તમામ બોર્ડ/કોર્પોરેશન/નિગમો,
  નાણા વિભાગની તમામ શાખાઓ, સર્વે અધિકારીશ્રીઓ(નાણા શાખાઓ સહિત)
  સીસ્ટમ મેનેજરશ્રી, નાણા વિભાગની વેબ સાઈટ ઉપર મૂકવા સારૂ.
  <u>પસંદગી ફાઈલ,- પી.શાખા</u>
- પત્ર દ્વારા.